Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનંદ પ્રકાશ.

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્ત્વ વિકાશ;
આત્માને આરામ દે, આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૩ જું. વિક્રમ સંવત્ ૧૯૬૨—માગશર. અંક ૫ મો.

## પ્રભુ સ્તુતિ.

### શાર્દૂલવિક્રીડિત.

વર્ષે શાંતિ[1] સુધા તણા સુજલને સદ્ દેશના દાનથી,
ગાજે જે રહિને સમોસણ[2] નભે ગાંભીર્યના માનથી;
જ્યાં વિદ્યુત્ ચપલા બની ચલકતી ભામંડલે શ્રી[3] ધરી,
તે આપો જિનમેઘ[4] સર્વ જનને શાંતિ કુતાપો[5] હરી. ૧

### स्रग्धरावृत्तम्

यस्यास्यं भातिदिव्यं समरस सरसि श्रेष्ठफुल्लाब्जतुल्यम् ।
कुर्वल्लुञ्जायमानम् रविमभरशिरो मौक्तिना पादयुग्मम् ॥
विष्वग्वृष्टिः प्रबोधामृतमयवचसां मेघधारेव कीर्णा ॥
पञ्चांगैस्तं प्रणम्य प्रमुखजिनवरम् प्रार्थये मोक्षमार्गम् ॥ १ ॥

---

૧ શાંતિરૂપ અમૃતના સારા જલને જે વર્ષે છે. ૨ સમોસણ રૂપ આકાશમાં ૩ શોભાને ધારણ કરનારી. ૪ શ્રી જિન ભગવંત રૂપ મેઘ. ૫ નઠારા પરિતાપ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટીકા.—જેનું મુખ (વદન) સમતા રૂપ રસના સરોવરમાં ઉત્તમ પ્રફુલ્લિત કમળ બરાબર સુંદર શોભા આપે છે. વળી જેનું ચરણ યુગળ દેવતાના શિર ઉપર રહેલા મુકુટોએ કરી રવિને પણ લજ્જાવાન બનાવે છે. (એટલે કે દેવલોકો જેના ચરણ યુગળમાં મસ્તકો નમાવતાં તેમના મુકુટોનું એટલું બધું તેજ થાય છે કે રવિપણ લાજે છે.) વળી જેના અમૃતમય વચનોની વૃષ્ટિ મેઘ ધારાની પેઠે સર્વત્ર ફેલાઈ રહેલી છે તેવા પ્રથમ જિનવર એટલે આદીશ્વર ભગવાનને પંચાગે પ્રણામ કરીને મોક્ષ માર્ગની યાચના કરૂં છું.

## काव्य चमत्कृति.

### શાર્દૂલવિક્રીડિત છંદ.

આરંભે અવકાશને[૧] અચલતા,[૨] ઐશ્વર્ય ઔદાર્યતા,
આત્મા નાદિ અનન્તની અમલતા,[૩] વાદે અનેકાન્તતા;[૪]
ને આનન્દ અગમ્ય અન્તવિણ જે, આપે અનાદ્યન્તથી,[૫]
આત્માનન્દમય પ્રબોધ કરિશું, આદીશ્વરાદિ નમી. ૨

ટીકા.—આરંભમાં જે અવકાશ એટલે (શક્તિ—વીર્ય) અચલપણું, ઐશ્વર્ય, ઉદારતા, નાદિ એટલે આદિ નહિ અને અનન્ત કહેતાં અન્ત નહિ એવી મતલબ કે અનાદ્યન્તની નિર્મળતા આત્માને આપે છે, વળી વાદમાં અનેકાન્તપણું (સ્યાદ્વાદ શૈલી) અને અગમ્ય તથા અન્ત વિનાનો આનન્દ અનાદ્યન્ત કાળથી છે તે શ્રી આદીશ્વરાદિ ચોવીશ તીર્થંકરોને નમીને આત્માને આનન્દમય પ્રબોધ કરીશું.

---

૧ શક્તિ. ૨ સ્થિરતા. ૩ નિર્મલપણું ૪ એકાન્તપણું નહિ તે. ૫ અનાદ્યન્ત કાલથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(ઉપરના પ્રથમ પાદનો પ્રથમ, દ્વિતીયનો દ્વિતીય, તૃતીયનો તૃતીય અને ચતુર્થપાદનો ચતુર્થ વર્ણ લેતાંઃ—"आत्मानन्द" એવો શબ્દ નિકળે છે. વળી પ્રથમ ચરણનો એક, બીજાના બે, ત્રીજાનો એક અને ચોથાના તમામ વર્ણ લેતાંઃ—"आ आत्माने आत्मानन्द मयप्रबोध करीशुं, आदिश्वरादिनमी" આવું પદ પણ નિકળે છે.)

## વસન્તતિલકા છંદ.

આ જીવને સકળ, સુંદરતા મળે છે,
આત્મા તમામ ઉપરે પ્રભુતા ધરે છે;
આનન્દ વૈભવ સુખો, મળતાં ઘણેરાં,
वेपारमां अचळ छे, જિન માર્ગ કેરા. ૩

**ટીકા**—આ જીવ કહેતાં પ્રાણીને અથવા આ જીવને એટલે આ જીવનમાં (જન્મમાં) તમામ પ્રકારનું સૌંદર્ય (શોભા) મળે છે. વળી તમામ પ્રાણીઓ ઉપર પ્રભુપણું (ઉપરીપણું) મળે છે. અને વૈભવ સુખાદિ ઘણા મળે છે તે જે જિન માર્ગના વેપારમાં અચળ છે તેને મળે છે. (આ છંદના ચરણના પ્રથમનાનો એક, બીજાના બે, ત્રીજાના ત્રણ અને ચોથાના ચાર+ચાર=આઠ વર્ણ લેતાંઃ—"आ आत्मा आनन्द वेपारमां अचळ छे." એવું વાક્ય નિકળે છે.)

## વસન્તતિલકા છંદ.

આ જીવને સકળ સાધન છે મળેલાં,
આત્મા! વિચાર પછિ તત્વ સુધર્મ કેરાં;
આનન્દ જે અમિત ઈશ ઉપાસને લે,
आरूढ છે અવનિમાં શિવ માર્ગમાં તે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટીકા:—આ પ્રાણીને સર્વ સાધન મળેલાં છે તો હે આત્મા! સુધર્મનાં તત્વનો વિચાર કર; કારણ કે જેઓ ઇશ્વરારાધનામાં અમિત અર્થાત્ માપ્યા વિનાનો (અત્યંત) આનન્દ લે છે તેઓ આ દુનિઆમાં શિવમાર્ગ એટલે મોક્ષમાર્ગમાં આરૂઢ થયેલા છે.

(આ છંદમાં પણ જે વાક્ય નીકળે છે તે બાળબોધ અક્ષરથી દર્શાવેલું છે.)

લેખક, પીતાંબર ભવાનદાસ નાવડિઆ.
ભાવનગર

## સ્ત્રી કેલવણીની આવશ્યકતા.

(શાહ ત્રિભુવનદાસ ઓધવજી, હાઈકોર્ટ પ્લીડર, મુંબઇ).

गृहिणी सचिवः सखीमिथः प्रिय शिष्या ॥
यत्र नार्यस्तु पूज्यन्ते रमन्तो तत्र देवता : ॥

'એક લાયક 'મા' સો શિક્ષકની ગરજ સારે છે.

સ્ત્રી કેલવણીનો વિષય બહુજ અગત્યનો છે. જોકે આ વિષય વાંચવો યા સાંભળવો એ હવે ઘણા લોકોને રૂચિકર નહીં હોય કારણકે એ ઘણો ચર્ચાઈ ગયેલો છે તથાપિ જ્યારે એ વાંચીને કે સાંભળીને યથેષ્ટ લાભ લેવામાં આવ્યો હોય એમ દ્દષ્ટિગોચર થતું નથી ત્યારે કોઈ લેખક કે વક્તા તે હાથમાં લે એ અયોગ્ય નહીં ગણાય. સ્ત્રીઓની અને પ્રજાની આધુનિક સ્થિતિ એમ ભાન કરાવે છે કે આવા વિષયો વારંવાર લખીને તથા ભાષણદ્વારા લોકોના કાન જાગૃત કરવાની ઘણી જરૂર છે.

For Private And Personal Use Only

દેશની ચડતીનો આધાર તે દેશની [illegible] ઉપર રહેલો છે. દેખીતું છે કે જે દેશની પ્રજા વિદ્વાન, બળવાન અને ગુણી હોય તે દેશ કળા કૌશલ્યવાળો હોઈને સમૃદ્ધિવાન હોય છે. આવી પ્રજાને જન્મ આપનાર માતાઓ એવાજ ગુણોવાળી હોવી જોઈએ. પક્વ ફલોથી શોભાયમાન વૃક્ષને જન્મ આપનાર બીજ પણ પક્વ હોય છે. ઉચ્ચ પ્રજાની પ્રાપ્તિને વા પ્રજાની ઉન્નત્તિ અર્થે શ્રેષ્ટ ગુણો મળે તેવી કેલવણી રૂપી બીજની આવશ્યકતા છે. સ્રીઓ કેળવાયલી હોય તોજ તેઓ પોતાના બચ્ચાંઓને સારી રીતે કેળવી શકે એટલે કે તેઓના શરીરની યોગ્ય સંભાળની સાથે તેઓમાં બુદ્ધિ તથા સદ્‌ગુણોની ભાત પાડી શકે એ નિર્વિવાદ છે. બાળકને બચપણમાં માતાજ સોબતી છે. જેમ જીવડાઓ જે પાંદડા ઉપર ઉત્પન્ન થાય છે અને જે પાંદડામાંથી તેઓને પોષણ મળે છે તે પાંદડાંનાજ રંગના થાય છે તેમ બાળકો માતાના વર્તનને બરાબર અનુસરે છે. બાળકો પોતાની મા જેમ કરે છે બોલે છે તેમ પોતે કરેછે અને બોલેછે. તેઓના કુમળા મગજમાં માની વર્તણુકની કદી ન ભુંસાય એવી છાપ પડે છે. જેમ એક નાના રોપામાં ઝીણો કાપો પડયો હોય અને તે મોટું વૃક્ષ થતાં તે ઝીણો કાપો મોટા ઉંડા કાપા રૂપે દર્શન દે છે તેમ કુમલા મગજમાં ઝીણી છાપ મોટપણે મોટું રૂપ પકડે છે. એક અંગ્રેજ કવિ કહે છે કે Child is the father of man પુત્રના લક્ષણ પારણામાંથી જણાય. બાળકોએ જે રીતભાત નાનપણમાં જોઈ હોય તે પ્રમાણેજ તેઓ મોટપણે વર્તે છે. નિશાળમાં મળેલું શિક્ષણ નાનપણમાં મળેલ ઘર કેળવણી આગલ અસર કારક લેખાય નહીં. બાળપણમાં મગજ જેટલું જ્ઞાન મેળવે છે તેથી ઘણુંજ ઓછું જ્ઞાન તેની પછીની જીં-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દગીમાં મેળવેછે ચારિત્ર નાનપણમાંજ બંધાયછે. માબાપોના વર્તનની અસર બાળકોના વર્તન ઉપર એટલી બધી છાપ પાડેછેકે બાળકોને ઉત્તમ કેળવણી આપવાને અર્થે 'મા બાપોએ પોતેજ શુદ્ધ વર્તન રાખવું.' એ આત્મ સુધારણાજ બાળકોને સુમાર્ગે દોરશે. બાળકોને કાંઇ શીખવવું પડતું નથી તેઓ વગર શીખવ્યે દેખાદેખીથી પોતાની મેળેજ શીખે છે બાળકોની અવલોકન શકિત તીવ્ર હોય છે, તે જે જે પદાર્થો જોવે છે તેની બાળક ઉપર તેવી છાપ પડે છે. નાનપણમાં ભય જોયો તો બાલક બીકણ થાય છે તેમ શોક જોયો હોય તો બાળક ઉદાસીન પ્રકૃતિનું થાય છે માટે બાળકને બહુજ સાવચેતીથી ઉછેરવાની જરૂર છે. ભય શોક દર્શક પદાર્થો તેની નજરથી દૂર રાખવા જોઇએ. રૂદન કરતા માણસોથી બાળકને દૂર રાખવો જોઇએ. વળી બાળકોને નવસ્રા રાખવા એ પણ ઠીક નથી. શરીરને નુકશાન થાય છે તેની સાથે જે પદર્થોનું જ્ઞાન ન થવું જોઇએ તે પદાર્થોનું જ્ઞાન થાય છે જે હાનિ કરે છે. આપણને ઉઘાડા રહેવું નુકશાનકારક છે પણ બાળકને નથી એમ લોકો માનેછે. ઉપર જણાવેલી ભૂલો કેળવાયલી માતાથી કદી નહી થાય.

પાશ્ચિમાત્ય કવિ બાયરન પોતાની માતાના સ્વભાવને અનુસરી ચીડીયો બન્યો હતો. એકવાર આખા યુરોપને ધ્રુજાવનાર નેપોલ્યંનમાં પોતાની માતાનાજ શૌર્યાદિ ગુણો પ્રગટ થયા હતા. એક નાની ચોરી કરનાર છોકરાને માજીસ્ટ્રેટ તરફથી સજા કરવામાં આવતાં તેણે પોતાની માને મળવાને અરજ કરી અને તેની સાથે વાત કરવા જતાં તેનું નાક કરડી ખાધું હતું એવું દર્શાવીને કે માએજ આવુંજ કામ કરતાં શીખવ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બંગાલાના કેટલાક લોકોએ સરકારને વિદ્યાર્થીઓની નીતિ સંબંધી શિક્ષણ વધારવા તરફ વિશેષ ધ્યાન આપવા માટે એક અરજી હમણાજ કરેલી તેના જવાબમાં કલકત્તાના હાલના વાઈ-સરોય લોર્ડ મીન્ટોએ જણાવ્યું કે વિદ્યાર્થીઓની નીતિનો આધાર ચાર બાબતો ઉપર રહેલો છે, પ્રથમ ગૃહસંસ્કાર યાને કેળવણી (૨) નિશાળના શિક્ષકની વર્તણુકની વિશ્વાર્થીઓ ઉપર થતી અસર (૩) નિશાળમાં શીખવાના પુસ્તકોની શીખનાર ઉપર થતી અસર (૪) બોરડીંગમાં રહેવાથી થતો લાભ. એ ચાર બાબત પૈકી પ્રથમ બાબતમાં સરકાર વચ્ચે આવી શકે નહીં. બીજી ત્રણ બાબતોમાં સરકાર યોગ્ય ધ્યાન આપે છે અને દેખરેખ રાખે છે. છતાં છેવટે એમ જણાવવામાં આવ્યું કે નીતિ શિક્ષણની બાબતમા લાગતા વળગતાઓએ પોતેજ વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. આથી સમજાશે કે નિકટસમાગમમાં રહેતા માણસો જેટલું ધ્યાન આપી શકે અને લાભ થાય તેવો બીજાઓથી ગમે તે પ્રકારે થઇ શકશે નહીં.

ગૃહવ્યવસ્થાની બાબતમાં જોઇશું તો સારી કેળવાયલી સ્ત્રીના ઘરમા ગરીબાઇ છતાં પણ તેનું નાનું ઘર સુખનું સ્થાન થઈ પડે છે. અણકેળવાયલી સ્ત્રીના ઘરમાં ગરીબાઈ દુઃખ અને કલેશ કરાવે છે, પણ કેળવાયલી સ્ત્રીના ઘરમાં ગરીબાઈ હોય તો તે વર્તાતી નથી પરંતુ તેથી ઉલટું તેના ઘરમાં સંતોષ અને તેથી થતો આનંદ વર્ષી રહે છે.

સારી કેળવાયલી સ્ત્રી એક નિઃસ્વાર્થ ઉત્તમ મિત્રની ગરજ સારે છે. તેની સોબતમાં સુખ બમણું વર્તાય છે, અને દુઃખ અર્ધું લાગે છે. અણકેળવાયલી સ્ત્રી પોતાના પતિની મુશ્કેલીઓનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખ્યાલ કરી શકતી નથી તેથી તે અર્ધી ઓછી થવાને બદલે ઉલટી બમણી જણાય છે.

**यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः ॥** આ મહા વાક્ય મને સ્ત્રીઓ પ્રતિ આપણે કેમ વર્તીએ છીએ તથા કેમ વર્તવું જોઈએ તે બાબતની એક રેખા આપવાને દોરે છે. તે રેખા આપતાં મને ભાવનગર જૈન બોરડીંગના મેલાવડાથી મળેલો તાજો અનુભવ વાંચકની સમક્ષ હિતને અર્થે મૂકવાનું મન થાય છે. તે મેળાવડાના દર્શન કરવા તથા વિદ્યાનું બહુમાન નજરે જોવા બપોરના સમયે અડધો માઇલ ચાલીને આવેલી ઉત્સુક સ્ત્રીઓને મેળાવડાના મંડપમાં હાજર થવા દીધી ન હતી. તે અનાદર સ્ત્રીઓના પ્રતિ સુજ્ઞ જનોના હાથે થવો ઘટતો નહોતો કે જ્યારે આપણે કોન્ગ્રેસ મંડપમાં તથા વ્યાખ્યાન શાળાઓમાં તેઓને માન પૂર્વક બેઠક આપીએ છીએ. આપણે સ્ત્રીઓને દાસી તુલ્ય ગણીએ છીએ પણ **गृहिणी सचिवः सखी मिथ प्रियः शिष्या** એમ નહી ગણીએ તો પરિણામ એવું આવે છે અને આવશે કે તેઓ એવા વર્તનથી પોતાને હલકી ગણશેજ અને પોતાની સ્થિતિ કદી બદલાવાની નથીજ, પોતાની સારી ગણના થવાની નથીજ, માટે સારી ગણનાને યોગ્ય છે એમ દેખાડી આપવાને માટે જે પ્રયત્ન કરવો જોઈએ તે કરવાને તેઓને બીલકુલ ઉત્તેજન રહેશે નહી. આપણે તેઓની સારી અભિલાષાઓને માર્ગ આપવો જોઇએ.

તમે સ્ત્રીઓને માન આપતા શીખશો તો તેઓ તમોને વધારે માનની નજરથી જોશે કારણ કે કુદરતનો નિયમ છે કે આપણે આપીએ તે કરતાં વિશેષ મેળવીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણે સ્ત્રીઓની સારી અભિલાષાઓ બીન કેળવણીથી દાબી દીધી છે. તેઓની સારી ઈચ્છાઓને રસ્તો આપવો તેમાં તેઓનું તેમજ આપણું શ્રેયછે. એથી વિરૂદ્ધ વર્તનથી ઉચ્ચ પ્રજાની આશા રાખવી ફોકટ છે.

આપણી સ્ત્રીઓ પોતાના સ્વામી તરફ ભકિતભાવથી જુએ છે. તથા તેમજ વર્તે છે એ આપણું ઉચ્ચ આર્યત્વ જગ જાહેર કરે છે. પરંતુ તે અનુપમ ભકિતનો આપણે અંશમાત્ર બદલો વાળતા નથી. આપણે તેને પુરૂષ સહાયક તરીકે કામ કરતી જોવાને ઇચ્છતા નથી. આપણે તેને ફકત આપણી સ્વાર્થ બુદ્ધિ સંતુષ્ટ કરવા નિર્માણ થએલ વસ્તુની જેમ ગણીએ છીએ. આપણી સ્ત્રીઓની સ્થિતિ આપણે ત્યાંની ચાકરડી કરતાં પણ વધુ ખરાબ છે. જ્યાં સુધી તમો તેની પ્રાચીન આર્ય સ્ત્રીઓના જેવી ગણના કરશો નહીં અથવા તેવી ગણના થાય એમ તેઓને કેળવશો નહીં ત્યાં સુધી તેઓનું તથા તમારી પ્રજાનું શ્રેય થવામાં ખલેલ પહોંચશે અને એ રીતે આપણો આર્ય દેશ વીર પ્રજાની ખામીવાળો રહેશે અને કંગાલીઅત ભોગવશે. આપણે ઉત્તમ તીર્થંકર શ્રી રૂષભદેવનો દાખલો લેવો જોઇએ કે જેણે પોતાની બે પુત્રી બ્રાહ્મી અને સુંદરીને જુદી જુદી વિદ્યા તથા કલાનું શિક્ષણ આપ્યું હતું. માટે સ્ત્રીઓને કેળવો તેઓની સ્થિતિનું ભાન કરાવો અને એ રીતે તેઓને ઉંચે દરજ્જે પહોંચાડવાનું શીખવો. મલ્લીકુંવરીએ તીર્થંકર પદ પ્રાપ્ત કર્યું તેનો કાંઈક ખ્યાલ કરો અને કરાવો. અને સ્ત્રી કેળવણી એ ઉભય પ્રકારના સુખનું મુખ્ય સાધન છે એમ સમજો અને સમજાવો.

તથાસ્તુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દ્વેષાદિ દોષ ત્યજવા વિષે.

(સન્મિત્ર કર્પૂર વિજયજી તરફથી.)

સુજ્ઞ બંધુઓ અને શાણી બ્હેનો—

ઇર્ષા, ખાર, અસૂયા, અદેખાઇ અને મત્સર એ સર્વે દ્વેષનાજ પર્યાય છે. દ્વેષ એ બૂરી ચીજ છે કે જે આત્માને અત્યંત સંતાપ કરે છે, શાંતિનો ભંગ કરે છે, લોહી અવટાવે છે, વૈર બંધાવે તથા વધારેછે યાવત્ ઘોરાતિઘોર નરકાદિક દુર્ગતિમાં રઝળાવેછે. રાગ અને દ્વેષ એ બંને, કષાયથીજ પ્રભવેછે. તેમાં દ્વેષ એ ક્રોધ તથા માનનું પરિણામછે અને રાગ એ માયા અને લોભનું પરિણામછે. આ સર્વે મોહરાજાનો પરિવાર છે. રાગ અને દ્વેષ બંને સહોદરો (એકજ માના જણ્યા) મોહ રાજાના પુત્રો છે. બંને મોહ પુત્રો, જગત્ માત્રનો પરાભવ કરતા, મૂઢ જનોને અંધ તુલ્ય કરી નાંખે છે. જ્ઞાની જનો, રાગને કેસરીસિંહ તુલ્ય અને દ્વેષને મત્ત (મદોન્મત્ત) હાથી તુલ્ય કહે છે. અર્થાત્ તે બંનેનો જય—પરાજય કરવો બહુજ મુશ્કેલ જણાવે છે. છતાં તેમનો અવશ્ય જય કરવો યોગ્ય છે. રાગ, દ્વેષ અને મોહ એ ત્રણ મહાદોષો ત્રિદોષની જેવા ભયંકર હોવાથી સર્વથા પરિહરવા યોગ્ય છે ઉકત ત્રણે મહાદોષોનો પરિહાર (ત્યાગ ક્ષય) કરવાથીજ આત્મા પરમાત્મદશા પામે છે. તે વિના પામી શકતો નથી. એવો સર્વથા દોષ—મુકત આત્માજ જિન, અરિહંત્ર વીતરાગાદિક સાર્થક નામથી ઓળખાય છે. આવા વીતરાગના સાચા દીલથી સેવા કરનાર પોતે પણ નિર્દોષ થઈ શકે છે. પરંતુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવા સાચા–સત્ય સર્વજ્ઞ વીતરાગની સેવા કરવાની રીતિ–નીતિ જાણવાની, નિર્દોષ થવા ઇચ્છનાર દરેક શખ્સને ખાસ જરૂર છે. દરેક નાના કે મોટા સ્વામીની સેવા કરવા અને સેવા કરી અભીષ્ટ લાભ લેવા ઇચ્છતા સેવકે અવશ્ય સમજી રાખવું જોઇયે કે મારા સ્વામીનો શો ઉદ્દેશ છે અને ઉકત ઉદ્દેશ સાધતા તેની શી આજ્ઞા છે ? આવું લક્ષ રાખી જો સેવક સ્વામીની સેવા કરે તો થોડા વખતમાં સ્વામીની મેહેરબાની મેળવી શકે; યાવત્ સ્વ–ઇષ્ટલાભ પણ મેળવી શકે. પરંતુ આથી વિરૂદ્ધ વર્તનાર તેમ મેળવી શકશે નહિં. આપણા સ્વામી–પ્રભુ વીતરાગ છે અને તે પોતે સર્વથા દોષ મુકત હોવાથી ત્રિભુવન પતિ છે તો તેની પવિત્ર આજ્ઞાનું આરાધન કરવાજ આપણે સદા સન્મુખ રહેવું યુક્ત છે. આપણા પરમ પવિત્ર પ્રભુની પવિત્ર આજ્ઞાનું રહસ્ય એજ છે કે આપણે પોતે પણ ઉકત મહા દોષો–રાગ, દ્વેષ અને મોહ–નો સર્વથા જય કરવાજ ઘટતો પ્રયત્ન કરવો. તેમ કરતા અન્ય જનોને ઘટતું સહાય દેવું અને દોષ મુકત થયેલા મહા પુરૂષોના સદ્ગુણોનું અનુમોદન કરવું. આમ પોતે જાતે કરવું અને અન્ય યોગ્ય જીવોને સદુપદેશ દઈ તેમજ કરાવવું તન, મન, અને વચનથી સર્વ પ્રકારે દોષનું દલન કરવા પૂર્વક સદ્ગુણનુંજ સેવન કરવા અહોનિશ મગ્ન રહેવું યુકત છે. આવીજ શ્રી પરમાત્મ પ્રભુની પવિત્ર આજ્ઞા છે. અને તેનું રહસ્ય પામી આપણે આપણા સર્વોત્તમ સ્વામીની સેવા–આરાધના કરવી યોગ્ય છે. ધ્યાનમાં રાખવા યોગ્ય છે કે પ્રભુજીની પવિત્ર આજ્ઞાનું ઉલ્લંઘન થવા નજ પામે. આટલા માટેજ આપણે પર પ્રતિ ખાર, ઇર્ષા, અદેખાઈ વિગેરે વીતરાગ પ્રભુની આજ્ઞા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિરૂદ્ધ ભાવના નજ કરવી જોઇયે. આ વાતને દઢ કરવા શ્રીમદ્ ઉપાધ્યાય શ્રી યશો વિજયજીનાં અમૃત વચનોની યાદી આપવી યોગ્ય લાગે છે અને આશા છે કે એવા નિષ્કારણ બંધુ તુલ્ય મહાત્માનાં અમૃત વચનનો આ સ્વાદ લહી સુજ્ઞવરો સ્વપર હિત સાધવા વિશેષે સન્મુખ થશે; જેથી તેઓ દોષ માત્રને દૂર કરી પરમ શાંતિ અનુભવી અક્ષય સુખના ભાગી થશે.

શીતલ ચિત્ત શાંતિનાશક દ્વેષ દોષ દૂર કરવા શ્રીમદ્ ઉપાધ્યાયજી ઉપદિશે છે કે—

દ્વેષ ન ધરિયે લાલન દ્વેષ ન ધરિયે, દ્વેષ તજ્યાથી લાલન શિવ સુખ
વરિયે લાલન શિવસુખ વરિયે.
પાપસ્થાનક અગ્યારમું કૂડું, દ્વેષ રહિત ચિત્ત હોય સવિરૂડું લા-
લન હોય સવિરૂડું. ૧
[1]ચરણ કરણ ગુણ બની[2]ચિત્રશાળી, દ્વેષ ધુમે હોય તે સવિકાળી
લાલન તે સવિકાળી. ૨
[3]દોષ બેતાળીશ શુદ્ધ આહારી, [4]ધુમ્ર દોષે હોય પ્રબળ વિકારી.
લાલન પ્રબળ વિકારી. ૩
ઉગ્ર વિહારને તપ જપ કિરિયા, કરતા દ્વેષ તે ભવમાંહિ ફરિયા.
લાલન ભવમાંહિ ફરિયા. ૪
[5]યોગનું અંગ અદ્વેષ છે પહેલું, સાધન સવિ લહે તેહથી વહેલું.
લાલન તેહથી વહેલું. ૫
નિર્ગુણ તે ગુણવંત ન જાણે, ગુણવંતના ગુણ દ્વેષમાં તાણે.
લાલન દ્વેષમાં તાણે.

૧ મૂળગુણ અહિંસાદિ અને ઉત્તર ગુણ પિંડ વિશુધ્યાદિ. ૨ મનોહરમહેલ. ૩ ગોચરીના ૪૨ દોષ ૪ વસ્તુને કે વસ્તુના ધણીને કવખોડીને વાપરવું ૫ યમ, નિયમ, વગેરે અષ્ટાંગ યોગ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપ ગુણી ને વળી ગુણ રાણી, જગમાંહે તેહની કીરતી જાગી.
લાલન કીરતિ જાગી. ૭
રાગ ધરી જે જિહાં ગુણ લહિયે, નિર્ગુણ ઉપર સમચિત્ત રહિયે.
લાલન સમચિત્ત રહિયે. ૮
ભવસ્થિતિ ચિંતન સુજશ વિલાસે, ઉત્તમના ગુણ એમ પ્રકાસે.
લાલન એમ પ્રકાસે. ૯

દ્વેષ અગ્નિ શાંત કરવા સજ્જનો સમતા રસનું સેવન કરે છે, અન્યજનોને એવોજ ઉપદેશ દે છે અને જેમ બને તેમ શાંત–સમાધિ રસનું પોષણ કરે છે. દુર્જનોઆથી વિલક્ષણ રીતે વર્તે છે. તેઓ બીજાના સારામાં રાજી હોતા નથી, બીજાનું સારૂં સાંખી ખમી શકતા નથી, ઉલટા બીજાને સુખી જોઈ સંતાપ ધરે છે અને સામાને દુઃખી સ્થિતિમાં આવેલા જોવાને આતુર રહે છે. છતાં કેટલીક વખત કપટ વૃત્તિથી મનમાં પડદો રાખી મુખથી મીઠું મીઠું બોલે છે પરંતુ તે વિશ્વાસ કરવા યોગ્ય નથી. જ્ઞાની પુરૂષો આવા પ્રપંચી લોકોના જ્ઞાનને પણ અજ્ઞાનજ કહે છે કેમકે સત્ય જ્ઞાનરૂપી સૂર્ય ઉદય પામ્યે સતે કિલષ્ટ કર્મ બંધના કારણ ભૂત રાગ, દ્વેષ કે મોહાંધકાર રહેવા પામેજ નહિં. આવા માયાવીની મતિને જ્ઞાની પુરૂષો કુમતિ રૂપજ ગણે છે અને તેમણે ધારેલાં શાસ્ત્રને શસ્ત્રરૂપજ જણાવે છે. વક્રગતિ ગમન કરનારનો કયો સજ્જન વિશ્વાસ કરે ! 'કહેવું કંઇ અને કરવું કંઈ' એ માયા મૃષારૂપ મહાપાપ સ્થાનક છે જેમ ત્રિદોષના પ્રકોપથી સન્નિપાત થાય છે રાગ દ્વેષ અને મોહની પ્રબળતાથી ઉકત મહાદોષ પ્રગટે છે, જેમ રોગને નાબૂદ કરવા કામી લોકો કુપથ્યાદિકનો ત્યાગ કરી પથ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આષધનું સેવન કરે છે તે જન્મ, મરણ રૂપ મહા રેગને ટાળવા ખપી લોકોએ માઠા રાગ રોષ અને મોહરૂપ કુપથ્ય તજી અમૃત સમાન હિતકારી શ્રી જિન આજ્ઞા મુજબ ધર્મ રસાયન શ્રદ્ધાપુર્વક સદા સેવવા તત્પર રહેવું વ્યાજબી છે. માયા મૃષા જેવા મહા દોષથી દૂર રહેવા અને ઉત્તમ પ્રકારની સરલતા સેવવા ઉપાધ્યાયજી મહારાજ ફરમાવે છે કે—

સતરમું પાપનું સ્થાન, પરિહરજો સદ્‌ગુણ ધામ,
જેમ વાધે જગમાં મામ હો લાલ માયા મોહનવિ કીજે. ૧
એતો વિષને વળીય વધાર્યું, એતો શસ્ત્રને અવળું ધાર્યું,
એતો વાઘનું બાળ વકાર્યું. હો લાલ૦ ૨
એતો માયીને મોસવાઈ, થઈ મોટા કરેય ઠગાઇ,
તસ હેઠે ગઇ ચતુરાઇ. હો લાલ૦ મા૦ ૩
બગલા પેરે પગલાં ભરતાં, થોડું બોલે જાણે મરતાં,
જગ ધંધે ઘાલે ફિરતા. હો લાલ૦ મા૦ ૪
જે કપટી બોલે જૂઠું, તસ લાગે પાપ અપૂઠું;
પંડિતમાં હોય મુખ ભૂઠું. હો લાલ૦ મા૦ ૫
દંભીનું જૂઠું મીઠું, તે નારી ચરિત્રે દીઠું,
પણ છે દુર્ગતિ ચીઠું. હો લાલ૦ મા૦ ૬
જે જૂઠો દે ઉપદેશ, જન રંજનને ધરે વેષ;
તેહનો જૂઠો સકળ કલેશ. હો લાલ૦ મા૦ ૭
ઇત્યાદિ તથા,
જૂઠું બોલી ઉદર જે ભરવું;
કપટીને વેષે ફરવું, તે[1] જમવારે શું કરવું. હો લાલ૦ મા૦ ૮

૧ જીવિત-પ્રાણ ધારવા વડે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવાં હૃદય વેધક વચન સાંભળી દંભીપણું તજી નિર્દંભ વૃત્તિ સેવવા ઉજમાળ થવું તેમજ ભવ્ય જનોને હિતબોધ આપી સિદ્ધ માર્ગે ચઢાવવા એજ આ અત્યુત્તમ ધર્મ સામગ્રી પામ્યાનું ખરેખરૂં ફળ છે.

# બ્રહ્મચર્ય પ્રભાવ.

## નર્મદા સુંદરી.

( ગત અંકના પૃષ્ટ ૨૬૦ થી શરૂ )

સહદેવનું અતિથીગૃહ તેના મહેલના એક ભાગમાં નિર્મિત કરેલું હતું તેમાં અનેક મિજમાનો આવી રહેતા હતા. સહદેવનો અતિથી સત્કાર પ્રસંશનીય હતો. ગમે તે ધર્મનો કે જાતિનો માણસ આવે તેનો સહદેવ ઉચિત સત્કાર કરતો હતો. જો કોઇ સાધર્મીબંધુ આવે તો સહદેવને ઘણોજ આનંદ થતો હતો. સહદેવના સ્વભાવમાં સાધર્મીવાત્સલ્ય સર્વદા જાગ્રત હતું. સાધર્મી બંધુઓને તન, મન અને ધનથી સહાય આપવાને તે સર્વદા ઊત્સાહી હતો. કોઇ યોગ્ય અતિથી જોઇ તેનામાં રોમોદ્ગમ થઇ આવતો અને તેના દયાર્દ્ર હૃદયમાં પ્રેમનો ઉભરો આવી જતો હતો. અતિથિનો સત્કાર કરવા અને સાધર્મી બંધુને સહાય આપવામાં તે પોતાને કૃત્ય કૃત્ય માનતો હતો. અનાથ અને નિરાધાર થઇ ગએલા શ્રાવકોના કુટુંબને તે સર્વ પ્રકારની સહાય આપતો હતો. તેના નિર્મળ હૃદયમાં એવો વિચાર આવતો કે, " મારા શ્રાવક બંધુઓની સાંસારિક અને ધાર્મીક ઊન્નતિ કયારે થાય ? ભારત વર્ષ ઉપર જૈન ધર્મનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને જૈન પ્રજાનો ઊત્કર્ષ સર્વદા વૃદ્ધિ પામે અને મિથ્યાત્વરૂપ ગાઢ અંધઃકારમાં તે સૂર્ય રૂપ થાય." આવા સુવિચારોની શ્રેણી તેના મનોમંદિરમાં સર્વદા પ્રકાશમાન થતી હતી. નર્મદાપુરીમાં સહદેવે જૈનોને માટે એક અનાથાશ્રમ અને જૈન વિદ્યાર્થીઓને માટે જ્ઞાનશાળા સ્થાપી હતી. તે શિવાય જૈન કન્યાઓને ધર્મનું શિક્ષણ મળે તેવી પણ ગોઠવણ કરી હતી. સહદેવ પોતાના દ્રવ્યનો સદુપયોગ કરતો અને સાત ક્ષેત્રોમાં તે વાપરતો હતો.

સહદેવની આવી અતિથી સત્કારની સત્કીર્તી સર્વ દેશોમાં પ્રસરી હતી. તે કીર્તિને લઈ કેટલાએક વિદેશીઓ નર્મદાપુરીમાં યાત્રા કરવાને વાસ્તે આવતા હતા. સહદેવ સર્વનો પ્રેમથી સત્કાર કરતો હતો. અતિથીનો આરાધક સહદેવ પોતાના કુટુંબના લોકોને એકઠા કરી આતિથ્ય ધર્મને માટે બોધ આપતો હતો, તે કહેતો કે, તમારે સર્વદા અતિથીનો સત્કાર કરવો, કોઇપણ મિજમાન આવે તેને ઇષ્ટની જેમ સંતુષ્ટ કરવો. જેના ઘરમાં આતિથ્ય થતું નથી તે ઘર સ્મશાન જેવું છે. વિદેશી અતિથીને જોઇ જે નાખુશ થાય છે તેવા અધમ શ્રાવકને ધિક્કાર છે. છલ કપટ ભરેલા અને આતિથ્યથી ભય પામનારા શ્રાવકો ધર્મથી રહિત છે. આતિથ્ય વિનાનો ગૃહવાસ શૂન્ય છે. અને જ્યાં અતિથી સેવા થતી નથી તેવા ગૃહાવાસને દેવતાઓ પણ નિંદે છે. આ પ્રમાણે સહદેવ સર્વને બોધ આપતો અને અતિથી સત્કારને પોતાનું ખરેખરું કર્ત્તવ્ય સમજતો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રકરણ ૧૧ મું.

## મિથ્યાત્વનો ઉચ્છેદ.

મહેશ્વરદત્ત પોતાના મોશાળમાં સુખે રહેતો હતો. મામાના ઘરનું ઉત્તમ આતિથ્ય તે સંપાદન કરતો હતો. રૂષભસેન શેઠ જોકે મિથ્યાત્વને લઈ તેના ઉપર વિશેષ ખુશી ન હતા, પણ લોક લજ્જાથી તેની ઉપર પ્રીતિભાવ બતાવતા હતા. વળી સહદેવનો અતિથિ સત્કાર ઉત્તમ હોવાથી તેના સત્કારમાં પણ કોઇ જાતની ખામી ન આવતી કોઈવાર રૂષભસેન શેઠ તેનું મિથ્યાત્વ દૂર થાય તેવો બોધ પણ આપતા હતા.

સત્સંગનો પ્રભાવ મોટો છે. સત્સંગરૂપ કલ્પવૃક્ષનું સેવન કરવાથી પ્રાણિ મન વાંછિત ફળ મેળવી શકે છે. સહદેવના પરમ આસ્તિક શ્રાવક ધર્મના રાગી કુટુંબને જોઇ મહેશ્વરદત્તના હૃદયમાં સારી અસર થવા લાગી. પોતે આવા ઉત્તમ શ્રાવક કુલનો ભાણેજ હોઇ મિથ્યાત્વના મલિન સંસ્કારથી યુક્ત છે. તેને માટે તેને પશ્ચાત્તાપ થવા લાગ્યો. વળી તે સાથે માતુલ પુત્રી નર્મદાસુંદરીને સંપાદન કરવાનો અધિકારી થવા પોતે આતુર હોવાથી શુદ્ધ હૃદયવડે શ્રાવક થવા તે ઇંતેજારી રાખતો હતો.

નર્મદાપુરી સહદેવના નિવાસથી જૈન પુરી બની હતી. એ પવિત્ર ક્ષેત્રમાં જૈન મુનિઓના સતત વિહાર થતા હતા. પ્રત્યેક સ્થાને આર્હત ધર્મની ઉત્તમ પ્રભાવના થતી હતી. પર્વના પવિત્ર દિવસોમાં મોટા ઠાઠમાઠથી પૂજાઓ ભણાતી હતી. વિદ્વાન્ મુનિઓના વ્યાખ્યાનોથી ઉપાશ્રય ભૂમી ગાજતી હતી. જૈન બાલિકાઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુંદર પોશાક પહેરી જિન ચૈત્યના દર્શન કરવા જતી હતી. જેઓમાં વિદ્યુતની જેમ નર્મદાસુંદરી દીપી નીકળતી હતી. આવા ધાર્મિક દેખાવો જોઈ મહેશ્વરદત્ત જૈન થવાને વિશેષ ઉત્સુક થયો. તેના ભાવિ હૃદયમાં શ્રાવક થવાની હોંસ થવા લાગી. તે ભાવના કરવા લાગ્યો કે, હું હવે કયારે જૈન ધર્મનો આરાધક થઈશ ? મારો જન્મ શ્રાવકપણાથી કયારે કૃતાર્થ થાય ? મારા મલિન હૃદયમાંથી મિથ્યાત્વનો મલ દૂર થાઓ.

આવું ચિંતવતો મહેશ્વરદત્ત જૈન ધર્મનો પૂર્ણ રાગી થયો. તેણે કોઈ વિદ્વાન્ મુનિનું શરણ લીધું. શ્રાવકના શુદ્ધ આચાર શ્રાવકની પવિત્ર ક્રિયાઓ અને શ્રાવક ઉચિત વ્રત આચરવા તે તત્પર થયો. નવકાર મંત્રથી માંડી તે શ્રાવકની સર્વ ક્રિયાનો અભ્યાસી થયો. ઉત્તમ આસને બેસી તે સામાયિક ગ્રહણ કરતો અને તેને વિધિથી પાલતો હતો. પવિત્ર અને નિર્મળ હૃદયથી તે ચૈત્ય વંદન કરતો હતો. કાયોત્સર્ગની પવિત્ર ક્રિયામાં તે ત્રિકરણ શુદ્ધિથી પ્રવર્ત્તતો હતો. તે પ્રવિત્ર ક્રિયાને અંતે એ મહાશયના મુખમાંથી સ્તુતિની મધુર વાણી એવી નિકળતી કે જેના પ્રતિધ્વનિથી સર્વસ્થલે શાંતિ સુધાના શીતળ પ્રવાહ પ્રસરતાં હતાં. પ્રતિક્રમણની ક્રિયામાં તે નિપુણ થયો હતો'તે સાથે પ્રત્યેક સમયે શુદ્ધ ભાવથી એ ક્રિયા આચરતો હતો. સાત લાખનો પાઠ ભણ્યા પછી તે અઢાર પાપસ્થાનને આલોવતો હતો. અને પ્રત્યેક યોગ્ય સમયે મિથ્યાદુષ્કૃત આપતો હતો. મુખવસ્ત્રિકાની પ્રતિલેખના કરી તે દ્વિગુણ વંદના કરતો હતો. સામાયિક, ચતુર્વિંશસ્તવ, વંદના પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન એ છ આવશ્યકનું વારંવાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્મરણ કરતો હતો. સમ્યકત્વના સડસઠ બોલ તેણે કંઠસ્થ કર્યા હતા. તેઓમાં જ્યારે દશ પ્રકારના વિનય તે પઠન કરતો ત્યારે નિર્મળ હૃદયમા ધર્મની ભાવના વિશેષ દૃઢ થતી હતી. છ પ્રકારની જતનામાં તેને મિથ્યાત્વની ઊપર વિશેષ તિરસ્કાર આવતો હતો અને તેવા કુલમાં થયેલ પોતાના જન્મને તે ધિક્કારતો હતો. છ પ્રકારના સ્થાન ઉપર તે વિશેષ મન ન કરતો અને તેમાં પોતાની દૃઢ આસ્તા આરોપતો હતો. ભવાભિનંદી જીવના લક્ષણો તેણે અભ્યાસથી કંઠસ્થ કર્યા હતા, અને તેવા લક્ષણો પોતામાં ન આવે તેને માટે સાવધાન રહેતો હતો મિથ્યાત્વના ચાર પ્રકારનો ગંભીરાર્થ જાણી તેમાંથી મુક્ત થવા તે પ્રયાસ કરતો હતો.

અપૂર્ણ.

# जैन विद्यारंभ संस्कार.

અથવા.

## જૈન શાસ્ત્ર પ્રમાણે છોકરાને પ્રથમ નિશાળે બેસારવાનો વિધિ

( ગતાંક પૃષ્ટ ૯૬ થી સાંધણ. )

પાઠશાલામાં ગયા પછી ગુરૂએ વિદ્યાર્થીને સન્મુખ બેસારી નીચેનો શ્લોક બોલવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



* अज्ञान तिमिरांधानां ज्ञानांजनशलाकया ।
नेत्रमुन्मीलितं येन तस्मै श्री गुरवे नमः ॥ १ ॥
यासां प्रसादादधिगम्य सम्यक् शास्त्राणि विंदंति परं पदं ज्ञाः ।
मनीषितार्थप्रतिपादिकाभ्यो नमोऽस्तु ताभ्यो गुरुपादुकाभ्यः ॥२॥
सत्ये तास्मिन्नरतिरतिदं गृह्यते वस्तु दूरा ।
दप्यासन्नेऽप्यसति तु मनस्याप्यते नैव किंचित् ।
पुंसामित्यप्यवगतवतामुन्मनीभावहेता ।
विच्छा बाढं भवति न कथं सद्गुरूपासनायाम् ॥ ३ ॥
इति मत्वा त्वया वत्स त्रिशुद्धोपासनं गुरोः ।
विधेयं येन जायन्ते गोधीकीर्तिधृतिश्रियः ॥ ४ ॥

આ પ્રમાણે વિદ્યાર્થીને ગુરૂ ભક્તિમાટે આપી, વિદ્યાર્થી પાસેથી સુવર્ણ, વસ્ત્ર કે યથાશક્તિ દક્ષિણા લઈ ગુરૂ પોતાને ઘેર જાય.

---

* અજ્ઞાન રૂપ અંધકાર વડે અંધ થયેલા પુરૂષોને જ્ઞાનરૂપ અંજનશલાકાવડે જેમણે નેત્ર ઉઘાડયું છે, તે શ્રી ગુરૂને નમસ્કાર હો. ૧

જેમના પ્રસાદથી પ્રાજ્ઞ પુરૂષો સમ્યક શાસ્ત્રોને સંપાદન કરી પરમપદને પામે છે. અને જે વાંછિત અર્થ ને આપનારી છે. એવી શ્રી ગુરૂની પાદુકાને નમસ્કાર હો. ૨

જે હોવાથી અરતિ તથા રતિને આપનાર વસ્તુને દૂરથી ગ્રહણ કરાય છે અને જે ન હોવાથી નજીક છતાં પણ મનની અંદર કાંઇ આવતું નથી એમ જાણનારા પુરૂષોને ઉલ્લાસ કરવાના હેતુ રૂપે સદ્ગુરૂની ઉપાસનાને વિષે ગાઢ ઇચ્છા કેમ ન થાય ? અર્તાત્ થાયજ. ૩

હે વત્સ, ! આવું વિચારીને તારે મન, વચન તથા કાયાની શુદ્ધિવડે ગુરૂની ઉપાસના કરવી જેથી વાણી, બુદ્ધિ, કીર્ત્તિ, ધૃતિ અને લક્ષ્મી પ્રાપ્ત થાય છે. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી ઉપાધ્યાય મેહેતાજી પ્રથમ માતૃકા—કક્કો બારાખડી વિગેરે ભણાવવાનો આરંભ કરે.

જૈન બ્રાહ્મણ હોય તો તેને આર્ય ( જૈન ) વેદ, તેના છ અંગ તથા ધર્મ શાસ્ત્ર ભણાવે, જૈન ક્ષત્રિય હોય તો પ્રથમ ચૌદ વિદ્યા, પછી આયુર્વેદ, ધનુર્વેદ દંડ નીતિ શાસ્ત્ર અને બીજા આજીવિકાના શાસ્ત્રો ભણાવે જૈન વૈશ્ય હોય તો તેને ધર્મશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, કામ શાસ્ત્ર, અર્થશાસ્ત્ર ભણાવે અને શૂદ્ર હોય તો નીતિ, આજીવિકા શાસ્ત્ર, શિલ્પ કારીગરી અને તેને યોગ્ય કલાઓ ભણાવે. તેપછી નવીન વિદ્યાર્થી ચતુર્વિધ સંઘની પૂજા કરે અને મુનિઓને આહાર, વસ્ત્ર પાત્ર, તથા પુસ્તકના દાન આપે.

આ પ્રમાણે જૈન શાસ્ત્રમાં વિદ્યારંભ સંસ્કારનો વિધિ આપેલો છે; જે સર્વ જૈન બંધુઓએ પ્રવર્તન કરવા યોગ્ય છે.

---

# શ્રીવિમલચંદ્રસૂરિ અને પ્રશ્નોત્તરરત્નમાલા.

( ગત વર્ષ અંક ૧૨ નું પૃષ્ટ ૨૯૨ ).

ગુરૂ ભક્તિથી રંગિત, ગુરૂવાણીરૂપ સુધા પાનમાં તૃષાતુર, ચારિત્રના પ્રભાવથી પ્રકાશિત, સંયમરૂપ અલંકારથી અલંકૃત, પરોપકારમાં પરાયણ, અધ્યાત્મજ્ઞાનનો અભિલાષી, શારદાની પૂજામાં આસક્ત, ભવવાસનાથી રહિત, કરૂણાથી ભરપૂર અને સ્વાધ્યાય ધ્યાનમાં તત્પર એવો શિષ્ય સમાજ પૂર્વ પ્રમાણે શ્રી વિમલચંદ્રસૂરિની સાંનિધ્ય પ્રશ્ન પુછવાની ઇચ્છાએ પ્રાપ્ત થયો. આજે તે વિદ્વાન શિષ્ય સમાજે નિર્ણય કર્યો હતો કે આપણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુરૂશ્રીને ત્રણ પ્રશ્નો પુછવા. આ જગતમાં દ્રવ્યથી આંધળા, બેહેરા અને મુંગા મનુષ્યો જોવામાં આવે છે. પણ ભાવથી આંધળા, બ્હેરા અને મુંગા મનુષ્યો કેવાં હશે ? તે આપણે જાણવું જોઈએ. આવા સદ્વિચારથી તેઓ ગુરૂ શ્રીના ચરણ કમલની સમીપ આવી વિનયથી બેઠા.

એ પરોપકારી ગુરૂશ્રીને વંદના કરી સર્વ વિદ્વાન શિષ્યો આ પ્રમાણે બોલ્યા—કૃપાળુ મહારાજ, આજે આપના આશ્રિત શિષ્યોને આપની પવિત્ર વાણીનો પ્રસાદ આપી કૃતાર્થ કરશો. પછી તે વિનીત શિષ્યોએ આ પ્રમાણે પ્રશ્ન કર્યો— " कोऽधः " " આંધળો કોણ ? " સૂરિએ સત્વર ઉત્તર આપ્યો—" योऽकार्यरतः " " જે અકાર્ય–નઠારા કામ કરવામાં તત્પર છે, તે આંધળો છે. " તે સાંભળતાંજ સુજ્ઞ શિષ્યોના નિર્મળ હૃદયમાં આનંદ પ્રગટ થઈ આવ્યો. પછી તરતજ બીજો પ્રશ્ન કર્યો.—"को बाधरः " " બ્હેરો કોણ ? પ્રતિભાથી પ્રકાશિત એવા ગુરૂશ્રીએ જરા વિચાર કરી જણાવ્યું—" यः शृणोति न हितानि " જે પોતાના હિત સાંભલે નહી, તે બ્હેરો છે. " ગુરૂને ઉત્તર સાંભળી શિષ્યોના હૃદયમાં આનંદ ઊર્મિ ઉછલવા લાગી. અને ગુરૂશ્રીની બુદ્ધિની ચમત્કૃતિ જોઈ તેઓ આશ્ચર્ય મગ્ન થઈ ગયા. પછી તેમણે ત્રીજો પ્રશ્ન કર્યો. " को मूकः " " મુંગો કોણ ? " વિદગ્ધ શિરોમણિ સૂરિરાજ બોલ્યા—" यः काले प्रियाणि वक्तुं न जानाति " "જે અવસરે પ્રિય વચન બોલી જાણે નહીં તે મુંગો છે. " આ ઊત્તરથી પણ શિષ્યોના હૃદય ચમત્કાર પામી ગયા.

ઉપરના ત્રણ પ્રશ્નનું વિવેચન કરતાં સૂરિશ્રીએ જણાવ્યું કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમારા આજના પ્રશ્નો સર્વ મનુષ્યોને મનન કરવા યોગ્ય છે. આ જગતમાં પ્રાણિયો બીજાને દુઃખી થતાં પ્રત્યક્ષ જુવે છે, તે છતાં કુકર્મ કરવામાં જરા પણ અચકાતા નથી. કુકર્મનાં ફલ અનુભવ્યાં હોય, જોયાં હોય અને સાંભળ્યાં હોય તે છતાં તેઓ અંધ થઈને તેમાં પડે છે એટલુંજ નહીં પણ તેનો પશ્ચાતાપ કરતાં પણ તેઓ વિચારતાં નથી. વિશેષ આશ્ચર્યની વાત એ છે કે, કેટલાએક તો એક વાર કુકર્મનું ફલ ભોગવી દુઃખી થયા હોય તે છતાં પાછા તેવાજ કામમાં તત્પર થાય છે. કુકર્મની શિક્ષા બંને લોકમાં થાયછે. ચોરી, જારી અને હિંસા કરનારા પ્રાણીઓ આ લોકની અને પરલોકની બંને પ્રકારની શિક્ષા ભોગવે છે. કદિ પરલોકની શિક્ષા પરોક્ષ હોવાથી જોવામાં આવતી નથી તો તેનો ભય ન રાખે પણ આ લોકની રાજ દંડ વિગેરે શિક્ષા તો તે પ્રત્યક્ષ જુવે છે અને અનુભવે છે, છતાં તેઓ તેને ભૂલી જાય છે અને પાછા કુકર્મ કરવા તત્પર થાય છે, તેથીજ કહેવામાં આવ્યું છે કે, " જે અકાર્ય—કુકર્મ કરવામાં તત્પર રહે, તે આંધળો છે. "

સર્વ મનુષ્યને પોતાનું હિત કરવું, તે વિશેષ પ્રિય હોય છે; પણ પોતાનું હિત શેમાં છે. એ પ્રથમ અવશ્ય જાણવું જોઇએ. અલ્પબુદ્ધિવાલા મનુષ્યો અહિતને હિત માને છે. કેટલાક દુરાગ્રહી લોકો પોતાની બુદ્ધિનો ગર્વ રાખી પરબુદ્ધિના વિચારને વખોડી નાખે છે, તેવા પંડિત માની પુરૂષો પોતાનું હિત સાંભલતા નથી અને બીજાએ ઉપદેશ કરેલા હિતને તેઓ ખરૂં હિત માનતાનથી. તેથી કહેવામાં આવ્યું છે કે, " જે પોતાનું હિત સાંભળે નહીં તે ખરેખરો બ્હેરો છે. "

આ વિશ્વમાં સમય પ્રમાણે વર્ત્તનાર મનુષ્ય સર્વદા સુખી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે. સમય વર્તવો એ નિશ્ચ રીતિનો મુખ્ય નિયમ છે. સમયને જાણ્યા વિના પ્રવૃત્તિ કરનાર મનુષ્ય કષ્ટકારી દશાને અનુભવે છે સાહિત્યના વિદ્વાનો સમયનું ઉલ્લંઘન કરનાર મૂર્ખને **समयप्रतिजड** કહે છે. સમયને અનુસરીને પ્રવૃત્તિ કરવી, સમયને અનુસરીને વાણી ઉચ્ચારવી. એ જગતની માનનીયનીતિ છે. વિશેષે કરીને સમયને અનુસરી બોલવામાં વધારે રહસ્ય સમાયેલું છે. કેટલાએક વચનો સમય પરત્વે શોભારૂપ અને સાર્થક થાય છે. સમય ચુકયા પછી ઉપ યુક્ત કરેલી વાણી વંધ્યાની જેમ નિષ્ફલ થાય છે એટલુંજ નહીં પણ વખતે મોટી હાનિ ઉત્પન્ન કરે છે, તેથી કહેવામાં આવ્યુ છે કે, "જે સમય આવતાં પ્રિય વચનભણી બોલી જાણે નહીં. તે મુંગો છે." પ્રિય શિષ્યો, આ તમારા ત્રણ પ્રશ્નો ઉપરથી ભાવથી, અંધ બધિર અને મુંગા મનુષ્યને તમારે જાણી લેવા અને તે ઉપરથી ઉત્તમ નીતિનું રહસ્ય સંપાદન કરવું. સૂરિશ્રીએ કરેલા આ વિવેચનથી સર્વ શિષ્યો અત્યંત હર્ષ પામ્યા અને તે પ્રશ્નની નીચે પ્રમાણે અમૂલ્ય ગાથા તેઓએ આનંદ પૂર્વક કંઠસ્થ કરી લીધી.

**कोऽन्धो योऽकार्यरतः को बधिरो यः शृणोति न हितानि ।**
**को मूको यः काले प्रियाणि वक्तुं न जानाति ॥ १६ ॥**

શિષ્ય—આંધલો કોણ ?

ગુરૂ—જે નઠારા કામ કરવા તત્પર હોય તે.

શિષ્ય—બ્હેરો કોણ ?

ગુરૂ—જે પોતાનું હિત સાંભળે નહીં તે.

શિષ્ય—મુંગો કોણ ?

ગુરૂ—જે સમય આવતાં પ્રિયવચન બોલી જાણે નહીં તે.

અપૂર્ણ.

For Private And Personal Use Only